# મેં દુનિયાની પરવા કર્યા વગર નિર્ણયો લીધા છે: જેનિફર વિંગેટ



ટીવી જગતની સુપરસ્ટાર અને લાખો દિલોની ધડકન જેનિફર વિંગેટ હંમેશાં પોતાની શાનદાર એક્ટિંગ અને ગ્રેસ માટે જાણીતી રહી છે. તાજેતરમાં જ રીલીઝ થયેલી તેની હાર્ટ-રેંચિંગ સસ્પેન્સ ડ્રામા સિરીઝ 'Talaash: A Mother's Search'માં એક લાચાર પણ હિંમતી માતાના રોલમાં તેણે ફરી એકવાર સાબિત કરી દીધું છે કે એક્ટિંગની બાબતમાં જેનિફરનો બીજો કોઈ વિકલ્પ નથી.

પરંતુ, સ્ક્રીન પર મુશ્કેલ ભૂમિકાઓ ભજવનારી જેનિફરે વાસ્તવિક જીવનમાં પણ ઘણા મોટા ઉતાર-ચડાવ જોયા છે. સ્ટાર વનના સુપરહિટ શો 'દિલ મિલ ગયે'ના સેટ પર શરૂ થયેલી જેનિફર અને કરણ સિંહ ગ્રોવરની લવ સ્ટોરી 2012માં લગ્નના બંધનમાં બંધાઈ, પણ આ હાઈ-પ્રોફાઈલ લગ્નજીવનનો અંત આવ્યો. પોતાની નવી સીરીઝની સફળતા, કરિયરના પીક પર લગ્ન કરવાનો નિર્ણય અને છૂટાછેડાના એ મુશ્કેલ તબક્કામાંથી બહાર આવીને એક મજબૂત મહિલા તરીકે ઉભરવાની સફર વિશે વધુ જાણીએ...

**# નવી સીરીઝમાં મા નું પાત્ર ભજવવાનો અનુભવ કેવો રહ્યો?**

(ભાવુક સ્મિત સાથે) ખૂબ ખૂબ ધન્યવાદ! સાચું કહું તો, આ પાત્ર મારા માટે ભાવનાત્મક રીતે અત્યાર સુધીનું સૌથી અઘરું પાત્ર રહ્યું છે. એક માતાનું તેના બાળક પ્રત્યેનું જે દર્દ, જે બેચેની અને જે તાકાત હોય છે, તેને અનુભવવી જ રૂંવાડા ઊભા કરી દે તેવી છે. શૂટિંગ દરમિયાન કેટલાય એવા સીન હતા જ્યારે હું સેટ પર ખરેખર રડી પડી હતી. પણ દર્શકો જે રીતે આ 'મધર્સ સર્ચ' ને પ્રેમ આપી રહ્યા છે, તે જોઈને લાગે છે કે અમારી મહેનત સફળ થઈ.

શો બાજ

**# 'Talaash'માં જે રીતે તમારું પાત્ર એક મોટો આઘાત સહન કરીને લડે છે તો ડર નહોતો લાગ્યો?**

હા, એ સમયે મારી આસપાસ એટલો બધો શોરબકોર હતો કે જેની કોઈ સીમા નહોતી. ઈન્ડસ્ટ્રીમાં એવી માન્યતા હતી કે અભિનેત્રી લગ્ન કરે એટલે તેને "લેસ ડિઝાયરેબલ" ગણવામાં આવે અને તેનું કરિયર પૂરું થઈ જાય. મારા આ નિર્ણય પર મારી આસપાસના દરેક વ્યક્તિએ સવાલ ઉઠાવ્યા હતા, જેમાં મારા માતા-પિતા પણ સામેલ હતા. તેઓ મારા ભવિષ્યને લઈને ચિંતિત હતા અને મને રોકવા માંગતા હતા.

પરંતુ, હું હંમેશાં એવી વ્યક્તિ રહી છું જે પોતાના દિલનું સાંભળે છે. મને લાગ્યું કે જો હું પ્રેમમાં છું, તો મારે દુનિયાની પરવા કર્યા વગર આ પગલું ભરવું જોઈએ. મેં કોઈનું ન સાંભળ્યું, બસ મારા દિલનો અવાજ સાંભળ્યો. મને એ નિર્ણયનો કોઈ પસ્તાવો નથી, કારણ કે એ સમયે હું એ જ કરવા માંગતી હતી.

**# આટલા વર્ષો પછી કરણ પ્રત્યે તારા મનમાં કોઈ નફરત બાકી છે?**

(ખૂબ જ શાંતિથી) બિલકુલ નહીં. નફરત કે ગુસ્સો રાખવો એ તમારી પોતાની ઊર્જા અને શાંતિનો બગાડ છે. જે થયું તે કદાચ અમારા બંનેના ભલા માટે જ થયું હશે. અમે બંને આપણી જિંદગીમાં આગળ વધી ગયા છીએ. કરણ તેની જિંદગીમાં ખુશ છે અને હું મારી જિંદગીમાં (અત્યંત) સંતુષ્ટ છું. ભૂતકાળને પકડી રાખવાથી તમે ક્યારેય ભવિષ્યનો આનંદ માણી શકતા નથી.

**# આજે તમે એક સ્વતંત્ર, સફળ અને પાવરફુલ મહિલા છો. શું કહેશો?**

હું માત્ર એટલું જ કહીશ કે, ક્યારેય આશા ન છોડો. જિંદગી કોઈ એક વ્યક્તિ કે એક ખરાબ ઘટના પર આવીને અટકી જતી નથી. જ્યારે તમારી સામેના બધા દરવાજા બંધ દેખાય, ત્યારે સમજવું કે ઈશ્વર તમારા માટે કોઈ મોટો રસ્તો ખોલી રહ્યો છે. તમારી ખુશીની ચાવી ક્યારેય બીજાના હાથમાં ન આપો. તમે પોતે જ તમારી જિંદગીના લેખક છો, તેથી તમારી વાર્તા સુંદર રીતે ફરીથી લખો.

**# ભવિષ્યના શું પ્લાન્સ છે? શું તું ફરી ક્યારેય પ્રેમ અને લગ્નમાં વિશ્વાસ કરશે?**

(હસતા હસતા) પ્રેમ ખૂબ જ સુંદર લાગણી છે, હું ક્યારેય પ્રેમથી મોં નહીં મોડું. લગ્ન વિશે અત્યારે કશું વિચાર્યું નથી, પણ મેં જિંદગી માટે મારા દરવાજા ક્યારેય બંધ નથી કર્યા. અત્યારે મારું આખું ધ્યાન 'Talaash' જેવા સારા પ્રોજેક્ટ્સ કરવા પર અને મારી જિંદગીને મુક્તપણે જીવવા પર છે. હું રોજ કંઈક નવું શીખી રહી છું અને મારી આ સફરથી હું ખૂબ ખુશ છું.

**# સ્ક્રીન પર તું હંમેશાં પરફેક્ટ દેખાય છે, પણ રિયલ લાઈફમાં 'મેસી' આદત કઈ છે?**

(ખૂબ મોટેથી હસતા) ઓહ માય ગોડ! જો મારા ફેન્સ મારું ઘર અને ખાસ કરીને મારો કબાટ જોઈ લે, તો તેમનો આ ભ્રમ એક સેકન્ડમાં તૂટી જશે! લોકોને લાગે છે કે હું બહુ ઓર્ગેનાઈઝ્ડ છું, પણ સત્ય એ છે કે મારો કબાટ હંમેશાં યુદ્ધના મેદાન જેવો હોય છે. હું દર રવિવારે બહુ પ્રેમથી બધા કપડાં સરખા ગોઠવું છું અને સોમવારની સવારે 'શું પહેરવું?' ની ઉતાવળમાં આખો કબાટ વેરવિખેર થઈ જાય છે. મારી મમ્મી આજે પણ કહે છે, "તું ગમે તેટલી મોટી સ્ટાર બની જા, તારી આ આદત નહીં બદલાય!"

**# શૂટિંગના સેટ પર એન્ટ્રી લે ત્યારે એવી કઈ ક્રેઝી વસ્તુ છે જેના વગર તારો દિવસ શરૂ જ નથી થઈ શકતો?**

બે વસ્તુઓ છે - મારી સવારની એકદમ કડક બ્લેક કોફી અને મારો લેબ્રાડોર ડોગ 'બ્રીઝર'. સેટ પર બધાને ખબર છે કે જ્યાં સુધી જેનિફરના હાથમાં કોફીનો મગ ન આવે, ત્યાં સુધી તેની સાથે કોઈ મહત્વની વાત ન કરવી (હસે છે) અને બ્રીઝર તો સેટનો અડધો ડિરેક્ટર છે! તે મારી વેનિટી વેનથી લઈને સેટ સુધી મારી પાછળ જ હોય છે.

**# કોઈ સુપરપાવર મળે તો જેનિફર પ્રથમ શું કરે?**

(આંખો ચમકાવતા) આમાં તો મારે એક સેકન્ડ પણ વિચારવાની જરૂર નથી - સોનમ કપૂર આહૂજા! સોનમની ફેશન સેન્સ, તેમનું આઉટફિટ કલેક્શન, એથનિક વેર અને ખાસ કરીને તેમના શૂઝનું કલેક્શન અદ્ભુત છે. જો મને અદ્રશ્ય થવાની શક્તિ મળે, તો હું સીધી લંડન કે મુંબઈમાં તેમના વૉર્ડરોબમાં ઘૂસી જાઉં અને તેમના બેગ્સ અને ડિઝાઈનર ડ્રેસથી ભરેલા આખેઆખા બોક્સ ગાયબ કરી દઉં! સોનમ, જો તમે આ વાંચી રહ્યા છો, તો પ્લીઝ કબાટને લોક મારી દેજે!

**# તારી નવી સસ્પેન્સ સિરીઝ 'Talaash: A Mother's Search'નું શૂટિંગ દરમિયાન પડદા પાછળ કોઈ એવો રમૂજી કિસ્સો બન્યો હતો?**

હા, એક બહુ જ ફની કિસ્સો બન્યો હતો. એક રાતનો સીન હતો જ્યાં મારે એક જગ્યાએ દોડવાનું હતું અને ખૂબ રડવાનું હતું. આખો સેટ એકદમ શાંત હતો, પિન-ડ્રોપ સાયલન્સ! ડિરેક્ટરે 'એક્શન' કહ્યું અને હું રડવાના પૂરા મૂડમાં આવી ગઈ, મારી આંખમાંથી આંસુ નીકળવાના જ હતા... ત્યાં જ પાછળથી અચાનક નસકોરાંનો વિચિત્ર અને મોટો અવાજ આવ્યો! અમે બધા ચોંકી ગયા કે આ ભૂતિયા લોકેશન પર કોણ છે? લાઈટો ચાલુ થઈ ત્યારે ખબર પડી કે અમારો એક લાઈટમેન એટલો થાકી ગયો હતો કે તે ખૂણામાં રાખેલી એક મોટી ટ્રોલીની નીચે જ સૂઈ ગયો હતો અને તેના નસકોરાં સ્પીકર જેવા ગાજતા હતા. અમારો આખો સીન બગડ્યો, પણ અમે સેટ પર એટલું હસ્યા કે રડવાના સીન માટે અમારે ફરીથી મૂડ બનાવવામાં અડધો કલાક લાગ્યો હતો.

**# ન્યૂઝમાં તારા વિશે સાંભળેલી સૌથી વિચિત્ર અફવા કઈ હતી?**


(મોટેથી હસતા) થોડા સમય પહેલાં જ મેં એક ઓનલાઈન આર્ટિકલ જોયો હતો, જેમાં લખ્યું હતું કે જેનિફર વિંગેટે કોઈ રહસ્યમય વિદેશી અબજોપતિ બિઝનેસમેન સાથે લંડનના કોઈ ચર્ચમાં સિક્રેટ મેરેજ કરી લીધા છે અને તે હવે કાયમ માટે ભારત છોડીને લંડન સેટલ થઈ રહી છે! આ ન્યૂઝ એટલી ગંભીરતાથી લખાયા હતા કે મને એક ક્ષણ માટે લાગ્યું કે 'અરે, મારા લગ્ન થઈ પણ ગયા અને મને જ ખબર નથી?' મેં એ લિંક મારા ફેમિલી ગ્રુપમાં શેર કરી. મારી મમ્મીએ મને મેસેજ કર્યો, "બેટા, જમાઈ સરસ છે, અમને ક્યારે મળાવીશ?" અમે બધા આ વાત પર કલાકો સુધી હસ્યા હતા.

**# કોઈ એવી એક જ ફૂડ આઈટમ ખાઈને જીવવાનું છે, તો એ શું હશે?**

પાણીપૂરી! હું પાક્કી ઈન્ડિયન ગર્લ છું. તમે મને દુનિયાના ગમે તેટલા મોંઘા રેસ્ટોરન્ટમાં લઈ જાવ, પણ જે મજા રસ્તાના કિનારે ઊભા રહીને તીખી-મીઠી પાણીપૂરી ખાવામાં છે, તે ક્યાંય નથી. હું જ્યારે ડાયટ પર હોઉં ત્યારે પણ પાણીપૂરીવાળાને જોઈને મારો કંટ્રોલ સાવ ગાયબ થઈ જાય છે. જો વજન વધવાનો કોઈ ડર ન હોય, તો હું સવારે, બપોરે અને સાંજે - ત્રણેય ટાઈમ બસ પ્લેટ લઈને ઊભી રહી જાઉં. હું સાચે જ આખી જિંદગી માત્ર પાણીપૂરી ખાઈને વિતાવી શકું છું! ●

**હું હંમેશાં એવી વ્યક્તિ રહી છું જે પોતાના દિલનું સાંભળે છે. મને લાગ્યું કે જો હું પ્રેમમાં છું, તો મારે દુનિયાની પરવા કર્યા વગર આ પગલું ભરવું જોઈએ. મેં કોઈનું ન સાંભળ્યું, બસ મારા દિલનો અવાજ સાંભળ્યો. મને એ નિર્ણયનો કોઈ પસ્તાવો નથી, કારણ કે એ સમયે હું એ જ કરવા માંગતી હતી**

# ટાઈટન સ્ટોરી : મસ્ટ વોચ




ભારતની સૌથી પ્રખ્યાત અને ભરોસાપાત્ર વોચ બ્રાન્ડ 'ટાઈટન'ની સફળતાની સફર હવે OTT પ્લેટફોર્મ પર આવી ગઈ છે. રિલીઝ થયેલી નવી વેબ સિરીઝ મેડ ઈન ઈન્ડિયા: એ ટાઈટન સ્ટોરી - ભારતીય બ્રાન્ડના ગૌરવ અને સંઘર્ષની અદ્ભુત છે. આજે દરેક ભારતીયના ઘરમાં 'ટાઈટન' ઘડિયાળ જોવા મળે છે, પરંતુ ખૂબ ઓછા લોકો જાણે છે કે આ વૈશ્વિક બ્રાન્ડ બનવા પાછળ કેટલો મોટો સંઘર્ષ, ઝનૂન અને દેશભક્તિ છુપાયેલી હતી. પત્રકાર વિનય કામથના પુસ્તક 'Titan: Inside India's Most Successful Consumer Brand' પરથી પ્રેરિત આ 6 એપિસોડની વેબ સિરીઝ ભારતની એક અદભુત બિઝનેસ સફરને પડદા પર લાવે છે. આ સીરિઝના ડાયરેક્ટર રોબી ગ્રેવાલ અને સ્ટોરી રાઈલર કરણ વ્યાસ, કંદર્પ શ્રોફ અને નીરજ દાસા આ સ્ટોરી લખેલી છે.

**મેક ઇન ઇન્ડિયાની સાચી પ્રેરણા: આ સિરીઝ આજના 'Make in India' અભિયાનનું જીવંત ઉદાહરણ છે કે કેવી રીતે આર્થિક ઉદારીકરણ પહેલાના ભારતમાં પણ વૈશ્વિક સ્તરનું ઉત્પાદન શક્ય બન્યું હતું**

ફ્રી વોચ

આ સીરિઝમાં મેઈન આર્ટિસ્ટ્સ તરીકે ભૂમિકામાં જિમ સાર્ભ, નસીરુદ્દીન શાહ, વૈભવ તત્વવાદી, નમિતા દુબે, લક્ષવીર સરણ અને કાવેરી સેઠ છે. આ સીરિઝ OTT પ્લેટફોર્મ Amazon MX Player પર તદ્દન ફ્રીમાં જોવા મળે છે. સ્ટોરીની શરૂઆત 1970 અને 1980ના દાયકાના ભારતથી થાય છે, જ્યારે દેશમાં વિદેશી ઘડિયાળોની મોટા પાયે દાણચોરી થતી હતી. ટાટા ગ્રુપના તત્કાલીન ચેરમેન જે.આર.ડી. ટાટા (નસીરુદ્દીન શાહ) ભારતમાં જ પોતાની વર્લ્ડ ક્લાસ ઘડિયાળ બનાવવાનું સપનું જુએ છે. એક સ્વિસ ઘડિયાળ નિર્માતા જ્યારે ભારતીયોની ક્ષમતા પર સવાલ ઉઠાવે છે, ત્યારે આ પડકારને ઝીલી લેવા માટે ટાટા ગ્રુપના તેજસ્વી અધિકારી ઝેરક્સ દેસાઈ (જિમ સાર્ભ) મેદાનમાં ઉતરે છે. સરકારી લાલ ફીતાશાહી, આકરા કાયદાઓ, બેન્કર્સની આશંકાઓ અને હરીફોના વિરોધ વચ્ચે ઝેરક્સ દેસાઈ અને તેમની નાની ટીમ કેવી રીતે 'ટાઈટન' બ્રાન્ડની સ્થાપના કરે છે, તે આ સિરીઝમાં ખૂબ જ રોમાંચક રીતે દર્શાવાયું છે. સિરીઝના અંતમાં ટાઈટન કંપની એ જ સ્વિસ બ્રાન્ડને ખરીદી લે છે જેણે ક્યારેય ભારતીયોની મજાક ઉડાવી હતી, જે દરેક ભારતીયના રૂવાડાં ઊભાં કરી દે તેવી ક્ષણ છે. ઝેરક્સ દેસાઈ તરીકે જિમ સાર્ભે ઝેરક્સ દેસાઈના પાત્રમાં જીવ રેડી દીધો છે. એક વિઝનરી બિઝનેસમેનનું ઝનૂન, તેની પ્રોફેશનલ ડ્રાઈવ અને મુશ્કેલ સમયમાં પણ હિંમત ન હારવાનો તેમનો અંદાજ અદભુત છે. JRD ટાટા તરીકે જે.આર.ડી. ટાટાના રોલમાં નસીરુદ્દીન શાહનો અભિનય ક્લાસિક છે. તેમની સ્ક્રીન પ્રેઝન્સ સિરીઝને એક અલગ જ ઊંચાઈ પર લઈ જાય છે. વૈભવ તત્વવાદી, લક્ષવીર સરણ અને કાવેરી સેઠ જેવા સહાયક કલાકારોએ પણ ટાઈટનની કોર ટીમ તરીકે શાનદાર કામ કર્યું છે, જે દર્શાવે છે કે આ બ્રાન્ડ કોઈ એક વ્યક્તિથી નહીં પણ ટીમવર્કથી બની છે. 80 અને 90ના દાયકાની ટાઈટનની પ્રખ્યાત ટીવી જાહેરાતો અને તે સમયના બોમ્બેના દ્રશ્યો સિરીઝમાં સુંદર રીતે વણી લેવાયા છે. બિઝનેસ અને મેનેજમેન્ટના પાઠ: સ્ટાર્ટ-અપ શરૂ કરનારા અને બિઝનેસ માઈન્ડ ધરાવતા લોકો માટે આ સિરીઝ શીખવા જેવી છે કે નિષ્ફળતાઓને કેવી રીતે સફળતાની સીડી બનાવવી. 'મેડ ઈન ઈન્ડિયા: એ ટાઈટન સ્ટોરી' એ માત્ર એક ઘડિયાળ કંપની બનવાની વાર્તા નથી, પરંતુ ભારતીયોના આત્મસન્માન અને ક્ષમતાની ગાથા છે. ●

## 'ઠુકરા કે મેરા પ્યાર' સીઝન 2:

# બદલાની આગ થશે વધુ ભયાનક?

ડિઝ્ની+ હોટસ્ટાર પર જ્યારે 'ઠુકરા કે મેરા પ્યાર' સીઝન 1 રીલીઝ થઈ હતી, ત્યારે કોઈએ વિચાર્યું નહોતું કે આ રોમેન્ટિક-રિવેન્જ ડ્રામા વેબ સીરિઝ દર્શકોના દિલ પર આ રીતે રાજ કરશે. પ્રેમ, દગો, અપમાન અને ત્યારબાદ શરૂ થતી બદલાની એક એવી ખતરનાક રમત, જેણે સોશિયલ મીડિયાથી લઈને ચાહકોના વોટ્સએપ સ્ટેટસ સુધી ધૂમ મચાવી દીધી છે. સીઝન 1નો જે ચોંકાવનારો અને અધૂરો અંત આવ્યો, ત્યાર પછીથી જ લોકો ગુગલ પર એક જ સવાલ સર્ચ કરી રહ્યા છે - ભાઈ, સીઝન 2 ક્યારે આવશે? જો તમે પણ કુલદીપના બદલાની આગમાં હોમાવા તૈયાર છો, તો આ મજેદાર આર્ટિકલ ખાસ તમારા માટે છે.

આ સુપરહિટ અને હાઈ-વોલ્ટેજ ડ્રામા સિરીઝનું અદભુત નિર્માણ અને ડાયરેક્શન જાણીતા ફિલ્મમેકર શ્રદ્ધા પાસી જયરાથ દ્વારા કરવામાં આવ્યું છે. શ્રદ્ધાજીએ ઉત્તર ભારતનું બેકગ્રાઉન્ડ, ત્યાંની માટીની સુગંધ અને તેની સાથે જોડાયેલી જડ જ્ઞાતિ પ્રથા તથા સત્તાના સંઘર્ષને એટલી વાસ્તવિકતા સાથે પડદા પર ઉતાર્યો છે કે જોતી વખતે આપણને 'ગૂઝબમ્પ્સ આવે. સિરીઝનું રાઈટીંગ એટલું સ્ટ્રોંગ અને ટાઈટ છે કે એક પણ સીન કંટાળાજનક લાગતો નથી. સિઝન-2માં 12 એપિસોડ હોય શકે. દરેક એપિસોડના અંતે જે સસ્પેન્સ ક્રિએટ થાય છે, તે દર્શકોને છેલ્લી મિનિટ સુધી સ્ક્રીન સામે જકડી રાખે છે. હવે સીઝન 2માં આ જાદુ વધુ મોટા પાયે જોવા મળે છે. પ્રેમ જ્યારે અપમાનનું રૂપ લે છે, ત્યારે તે ઈતિહાસ બદલી નાખે છે. સીઝન 2માં કુલદીપનો આ જ નવો અવતાર આખા ઉત્તર પ્રદેશને હલાવી દેશે!

સીઝન 1ના ક્લિફહેંગર અંત પછી વાર્તા જે વળાંક પર આવીને અટકી ગઈ છે, ત્યાંથી સીઝન 2નું આવવું સો ટકા નક્કી જ હતું. ચાહકોની ભારે માંગને ધ્યાનમાં રાખીને મેકર્સ તરફથી એક મોટી જાહેરાત કરવામાં આવી છે. આ દમદાર સિરીઝ સીઝન 19 જૂન 2026ના રોજ ઓટીટી પ્લેટફોર્મ પર ધમાકો કરવા માટે તૈયાર છે. અત્યારે તેની સ્ક્રિપ્ટ અને પ્રી-પ્રોડક્શનનું કામ ખૂબ જ ઝડપથી ચાલી રહ્યું છે. મેકર્સ સીઝન 1ની સકસેસ બાદ સહેજ પણ કચાસ રાખવા નથી માંગતા, તેથી આ વખતે ડ્રામા, એક્શન અને રોમાંચનો ગ્રાફ ડબલ થવાનો છે.

સીઝન 2માં પણ જૂના મુખ્ય પાત્રો પોતાની એક્ટિંગની તાકાત બતાવવા પાછા ફરી રહ્યા છે, સાથે વાર્તાને વધુ ગૂંચવવા માટે કેટલાક નવા ચહેરાઓની એન્ટ્રી પણ થઈ શકે છે. અનિરુદ્ધ દવે (કુલદીપ): મુખ્ય પાત્ર, એક સીધો-સાદો પ્રેમી જે હવે ખતરનાક બદલાખોર બન્યો છે. સુખમણી સદના (કાવ્યા): ઉચ્ચ જ્ઞાતિની છોકરી, જે રોમાંસ, પ્રેમ અને ડ્રામાનું કેન્દ્રબિંદુ છે. કપિલ નિર્મલ (ચૌહાણ સાહેબ): મુખ્ય વિલન, જે પાવરફુલ અને નકારાત્મક રોલમાં કુલદીપને ટક્કર આપે છે. આ મુખ્ય કલાકારો ઉપરાંત, સહાયક કલાકારોમાં ઉત્તર પ્રદેશના સ્થાનિક કલાકારોને લેવામાં આવ્યા છે, જેમના દેશી ડાયલોગ્સ અને લહેકો વાર્તાને એક અદભુત અને અસલી ટચ આપે છે.

સૌથી સારી વાત એ છે કે આ સિરીઝ માત્ર હિન્દી પૂરતી મર્યાદિત નથી, પણ તેને અન્ય પ્રાદેશિક ભાષાઓમાં પણ ડબ કરીને રીલીઝ કરવામાં આવશે, જેથી દરેક ભાષાના દર્શકો આ દેશી રિવેન્જ સ્ટોરીની મજા માણી શકે. સ્ટોરીની શરૂઆત થાય છે કુલદીપ નામના એક સામાન્ય અને નીચલી જ્ઞાતિના યુવકથી, જેને ઉચ્ચ જ્ઞાતિની અમીર છોકરી કાવ્યા સાથે સાચો પ્રેમ થઈ જાય છે.

બંનેના પ્રેમની દુનિયા ખૂબ સુંદર ચાલી રહી હોય છે, પરંતુ આ પ્રેમની વચ્ચે દીવાલ બનીને ઊભી રહે છે આપણી જૂની જ્ઞાતિ પ્રથા અને સમાજના ઠેકેદારો.... આખી સ્ટોરી અહીં આવી જશે તો તમને સિરીઝ જોવાની મજા નહીં આવે!

ટૂંકમાં કહીએ તો, 'ઠુકરા કે મેરા પ્યાર' સીઝન 2 મનોરંજનનો મોટો ધમાકો લઈને આવી રહી છે. જો તમને ક્રાઈમ, થ્રિલર, રોમાંસ અને જોરદાર ડાયલોગબાજી ગમતી હોય. ●




અપ-કમિંગ

**સીઝન 1નો જે ચોંકાવનારો અને અધૂરો અંત આવ્યો, ત્યાર પછીથી જ લોકો ગુગલ પર એક જ સવાલ સર્ચ કરી રહ્યા હતા - ભાઈ, સીઝન 2 ક્યારે આવશે?**